ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



પ્રવીણ જે શેઠ
મો. ૯૮૨૫૪ ૫૩૩૨૮



જિયા જતીન પટેલ
મો. ૯૯૭૯૧ ૦૫૯૮૦

### ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા મહાત્મા મંદિર ખાતે

# ‘સિનેમેટીક ટુરિઝમ’ વિષયે સેમિનાર યોજાયો







## ગુજરાતનાં પ્રાકૃતિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક સૌંદર્ય સિનેજગતને વૈશ્વિક વિકાસનો નવો મંચ પૂરો પાડશે : રાજ્યપાલ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા મહાત્મા મંદિર ખાતે આયોજિત સેમિનાર ‘સિનેમેટિક ટુરિઝમ : ધ વે ફૉરવર્ડ’નું ઉદ્‌ઘાટન કરતાં રાજ્યપાલ ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે, સરકાર, ફિલ્મ ઉદ્યોગ અને પ્રવાસન પ્રવૃત્તિ વચ્ચે વૈચારિક આદાન-પ્રદાનનો આ સોનેરી અવસર છે. આ સેમિનાર સિનેમેટિક ટુરિઝમ ક્ષેત્રે નવું દિશાદર્શન કરાવશે. ગુજરાતના પ્રાકૃતિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક સૌંદર્ય સિનેજગતને વધુ સમૃદ્ધ બનાવશે અને સિનેમા પ્રવૃત્તિના વિકાસ દ્વારા પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળશે, વધારાની રોજગારીનું સર્જન થશે.

આગામી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૭ના અનુસંધાને પ્ર-ઈવેન્ટ સેમિનાર તરીકે યોજાયેલા આ સેમિનારમાં રાજ્યપાલશ્રીએ ‘ગ્લીમ્પસીઝ ઓફ સિનેમેટિક ગુજરાત – બાયોસ્કોપ’ અને ‘ગુજરાત એનેમેટિક ટ્રેઝર ટ્રોવ’ એમ બે કોફી ટેબલ બુકનું પણ અનાવરણ કર્યું હતું.

રાજ્યના પ્રવાસન મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ ફિલ્મ મેકીંગ સેમિનારના રાજ્ય સરકારના અભિગમને આવકારતાં કહયું કે, રાજ્યના આર્થિક વિકાસ માટે દેશ-વિદેશના પૂંજી નિવેશકોને વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ દ્વારા પ્લેટફોર્મ આપવાનું કામ રાજ્ય સરકારે કર્યું છે. ફિલ્મ નિર્માણ અને ફિલ્મ મેકીંગ માટે લોકોને માળખાગત સવલતો મળે તે માટે પ્રવાસન નીતિ તથા ફિલ્મ નીતિની જાહેરાત કરી વિવિધ પ્રોત્સાહનો પણ રાજ્ય સરકારે આપ્યા છે, જેના લીધે લોકો ગુજરાત તરફ આકર્ષાયા છે. તેમણે આ સેમિનાર ભવિષ્યમાં આર્થિક વિકાસ સહિત રોજગારીની તકોના નિર્માણ માટે મદદરૂપ બનશે તેવી આશા વ્યક્ત કરી હતી.

લોકસભાના સાંસદ અને અભિનેતા પરેશ રાવલે રાજ્યભરમાં પ્રવાસન ક્ષેત્ર તથા ફિલ્મ ક્ષેત્રના વિકાસના અભિગમને અભિનંદન આપતાં કહ્યું કે, રાજ્યએ પ્રવાસન ક્ષેત્રમાં હકારાત્મક અભિગમ દાખવીને જે નિર્ણયો કર્યા છે જેના લીધે સ્થાનિક કક્ષાએ રોજગારી પણ વધી છે અને પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો થયો છે.

કેન્દ્રીય પ્રવાસન વિભાગના સચિવ વિનોદ ઝુત્સીએ દેશના વિકાસ માટે સિનેમાને સશક્ત માધ્યમ તરીકે જણાવી ઉમેર્યું હતું કે, સિનેમા અને પ્રવાસન પ્રવૃત્તિના સમન્વયથી ભારત વૈશ્વિક મનોરંજન ક્ષેત્રે શ્રેષ્ઠ નવા પરિણામો હાંસલ કરશે. તેમણે જણાવ્યું હતું કે, ‘સિનેમેટિક ટુરિઝમ’ની વિભાવનાને આ પરિસંવાદરૂપે સાકાર કરનારૂં ગુજરાત પ્રથમ રાજ્ય છે. તેમણે ગુજરાતને ‘ફિલ્મ ફ્રેન્ડલી સ્ટેટ’ ગણાવી જણાવ્યું હતું કે, સિનેમેટિક ટુરિઝમ ક્ષેત્રે ગુજરાત ઝળહળતું બનશે. હવે કેન્દ્ર સરકાર ઉપરાંત રાજ્ય સરકાર પણ સિનેજગતના વિકાસ માટે સહયોગ આપવા તત્પર થયા છે ત્યારે આ ક્ષેત્રના પડકારો અને તેના ઉકેલો વિશે થનારૂં સામુહિક ચિંતન નીતિ નિર્ધારણમાં માર્ગદર્શક રૂપ બનશે, તેમ પણ તેમણે જણાવ્યું હતું.

રાજ્યના પ્રવાસન વિભાગના અગ્રસચિવ એસ. જે. હૈદરે સૌ મહાનુભાવોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સબળ માર્ગદર્શન હેઠળ પ્રવાસન પ્રવૃત્તિના શ્રેષ્ઠ વિકાસ માટે અનેકવિધ પગલાં ભર્યાં છે. ગુજરાતમાં પ્રવાસનને ઉદ્યોગનો દરજ્જો મળતાં હવે પ્રવાસન પ્રવૃત્તિના વિકાસની નવી દિશા ખીલી છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, સિંગલ વિન્ડો ક્લિયરન્સ, ઈન્વેસ્ટર્સ ફ્રેન્ડલી નીતિ વગેરે જેવા મહત્વના પગલાં દ્વારા ગુજરાત સિનેમેટિક ટુરિઝમ ક્ષેત્રે અગ્રેસર રહેશે અને આ સેમિનાર આ પ્રવૃત્તિ માટે ચાવીરૂપ ભૂમિકા ભજવશે.

આ પ્રસંગે રાજ્યપાલ સહિત મહાનુભાવોના હસ્તે ડીજીટલ ઈવેન્ટના લોગોનું અનાવરણ પણ કરાયું હતું. ઉપરાંત ગુજરાતને પોતાની ફિલ્મોમાં સારી રીતે નિદર્શન કરતા વિવિધ ફિલ્મ નિર્માતાઓનું પણ મહાનુભાવોના હસ્તે શાલ ઓઢાડીને સન્માન પણ કરાયું હતું.

આ પ્રસંગે પ્રવાસન-ફિલ્મ જગતક્ષેત્રના વિકાસ માટે રીસોર્ટ, વોટરપાર્ક, એમ્યુઝમેન્ટપાર્ક, રોપવેપ્રોજેક્ટ, સ્પોર્ટસ પ્રોજેક્ટ, પોસ્ટ પ્રોડકશન સ્ટુડિયો સહિત વિવિધ માળખાગત સવલતોના નિર્માણ માટે એમ.ઓ.યુ. પણ કરાયા હતા.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા, ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, મહિલા બાળ કલ્યાણ મંત્રી નિર્મળાબેન વાધવાણી, સાંસદ પરિમલ નથવાણી, મુખ્ય સચિવ જે.એન.સિંઘ સહિત અધીકારીઓ-પદાધિકારીઓ, હિન્દી ફિલ્મ અભિનેતા તથા નિર્માતાઓ સુનિલ શેટ્ટી, કેતન મહેતા, મનોજ જોષી, આશિત મોદી, અબ્બાસ ભાઈ અને મસ્તાનભાઈ, ડિનો મારિયા, તિગ્માંશુ ધુલીયા, અભિષક જૈન, મધુર ભંડારકર, સુધીર મિશ્રા, અસિત મોરી, શ્રવણ રાઠોડ, મિહિર ગુપ્તા, કમલ ગ્યાનચંદાની, વિપુલ શાહ, શ્રી અશોક પંડિત, ઈન્દ્રકુમાર, જે.ડી.મજેઠીયા, નરેશ કનોડીયા, હિતુ કનોડીયા સહિત ફિલ્મ જગતના મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને લોકોનાં આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં.

### ‘સિનેમૅટિક ટુરિઝમ’ સૅમિનારની સાથે-સાથે

- ‘સિનેમૅટિક ટુરિઝમ’ સૅમિનારમાં સૌથી મોટું આકર્ષણ ફિલ્મ-ટીવી કલાકારોનું રહ્યું હતું. આ કલાકારોએ ખાસ્સું આકર્ષણ પેદા કર્યું હતું. કલાકારો સાથે સૅલ્ફી લેવા ને એમની સાથે વાતો કરવા માટે ખાસ કરીને યુવાપેઢીએ હોડ જ લગાવી હતી.
- ‘ગુજરાત ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે સ્વર્ગ સમાન છે’ એવા રાજ્યપાલના અવતરણને ભરપૂર પ્રતિસાદ મળ્યો હતો. ઉપરાંત ખુદ રાજ્યપાલે જ ફિલ્મ, સિરીયલના શૂટીંગ માટે સુંદર લોકેશન્સની માહિતી આપી એ બાબત રોકાણકારો, ફિલ્મસર્જકોને સ્પર્શી ગઈ હતી.
- રાજ્યનાં સુંદર લોકેશન્સમાં રાજ્યના વિશાળ દરિયાકિનારા ઉપરાંત, કચ્છના સફેદ રણ, ખારાઘોડા અભયારણ્ય, ઈડર, પાવાગઢ, સરદાર સરોવર ડેમ, અંબાજી, ચાંપાનેર, શામળાજી, ડાકોર, ભાવનગર, બહુચરાજી, નર્મદાનો વિશાળ કિનારો, ગિરનાર જેવાં સ્થળોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.
- દેશમાં વર્ષેદહાડે ૧૬૦૦ જેટલી ફિલ્મ્સ બને છે અને તે કારણે ૫૦ હજાર કરોડ જેટલું ટર્ન ઓવર થાય છે અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં ૧૮.૮ જેટલી રોજગારી છે, એવી વાત આ સૅમિનારના માધ્યમથી ઉજાગર કરવામાં આવી હતી. ગુજરાતમાં બનેલી જાણી, અજાણી ફિલ્મોની વાત પણ અહીં કરવામાં આવી હતી.
- સૅમિનારમાં ભાગ લેનારા પ્રતિનિધિઓને સૌથી વધુ અસંતોષ બપોરના ભોજનથી થયો હતો. બેસ્વાદ ભોજન, કાચી રોટલી (તંદુરી) અને ભોજનમાં કીડા (ધનેડા) સુધીની બૂમો ઊઠી હતી, જેને કોઈએ કાને ધરી નહોતી. બેસ્વાદ હોવાને કારણે મોટાભાગના લોકોએ ભોજન મોટા પ્રમાણમાં છાંડ્યું હતું અને દાળ-ભાત તથા ચાટ ઉપર હાથ અજમાવ્યો હતો.

(પત્રકારત્વ વિભાગ, કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા)

## રાજપૂત મહિલા સંગઠન દ્વારા નિ:શુલ્કપણે તાલીમ વર્ગોનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર રાજપૂત મહિલા સંગઠન દ્વારા આગામી તા. ૧ સપ્ટેમ્બરના રોજથી વિના મૂલ્યે તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ વર્ગોમાં તલવારબાજી, ઘુમર, હાથવણાટ અને સ્પોકન ઈંગ્લિશ સહિતની તાલીમ આપવામાં આવશે. આ તાલીમવર્ગમાં ભાગ લેવા ઈચ્છુક રાજપુત સમાજની બહેનોએ તા. ૩૧ ઓગષ્ટ સુધીમાં નામની નોંધણી કરાવવાની રહેશે. રાજપુત સમાજની બહેનોને તાલીમ વર્ગોનો લાભ લેવા મહિલા સંગઠનના પ્રમુખ સરોજબા રહેવરે જણાવ્યું છે.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## સર્જન ઍજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ગરીબ બાળકોને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૯

સર્જન ઍજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા વૉર્ડ નં. ૮માં ગાયત્રી મંદિર, સૅક્ટર-૧ની પાછળ છાપરા વિસ્તારમાં રહેતાં બાળકોને નોટબૂક, પૅન્સિલ, ઈરેઝર, શાર્પનર તથા ચૉકલેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સર્જનના પ્રમુખ વિનોદભાઈ મેણાતે દ્વારા બાળકોને અભ્યાસમાં રસ દાખવવા શીખ આપવામાં આવી હતી. વૉર્ડ ૮ના નગરસેવક પાયલબેન મેણાત, વૉર્ડ પ્રમુખ રાજુભાઈ, સેવાદળ પ્રમુખ મુકેશભાઈ મારૂ, સૅક્ટર-૩ ન્યૂ વસાહત મંડળના પ્રમુખ મિહીરભાઈ પટેલ, સવિતાબેન ડાભી તથા સુરેશ મેણાત આ સેવાકાર્યમાં જોડાયા હતા.

## ઍમ બી કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓ સાયન્સ ડ્રામા સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ પ્રથમ

ગાંધીનગર, તા. ૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાની ટીમ તાજેતરમાં નિસર્ગ સાયન્સ સૅન્ટર આયોજિત જિલ્લાકક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા બની હતી. મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈનસ્ટાઈનના જીવન અને કાર્યો પર આધારિત ‘મને જો આવી ખબર હોત તો’ નાટક આ ટીમની વિદ્યાર્થીનીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આ વિજેતા ટીમની રાજ્યકક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી છે. શાળાનાં આચાર્ય નીરૂબેનની પ્રેરણાથી શિક્ષક પ્રવિણાબેન પટેલ અને જયશ્રીબેન પટેલે આ નાટક માટે આ વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## ચૌધરી કોલેજ ખાતે ફળ પરિક્ષણ તાલીમ વર્ગો યોજાયા

ગાંધીનગર, તા.૨૯

સે-૭માં પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે હોમ સાયન્સ વિભાગ દ્વારા ગુજરાત રાજ્ય બાગાયત વિભાગના સહયોગથી ગત તા. ૩ થી ૧૦ ઓગષ્ટ દરમિયાન ફળ પરિક્ષણના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ વર્ગોમાં ૫૦થી વધુ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંતે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને સર્ટીફીકેટ વિતરણ કરાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. તારાબેન દેસાઈ અને હોમ સાયન્સ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

# શારીરિક અક્ષમતાઓને હરાવી આત્મવિશ્વાસથી ઈતિહાસનું સર્જન

દાવ છેલ્લો રાખજે મારો મને મંજુર છે, જેટલા પણ આપ પડકારો મને મંજુર છે , સાથ આપે કે ન આપે ફર્ક કે પડતો નથી ,મારી અંદરનો જ સથવારો મને મંજુર છે.

દિનેશ કાનાણીની આ રચના આત્મવિશ્વાસનો ‘વિકાસ‘ સાથેનો સીધો સંબંધ બખુબી રજુ કરે છે. ‘આત્મવિશ્વાસ‘ શબ્દમાં બે મઝાના શબ્દોના અર્થ સમાયેલા છે. એક ‘આત્મ‘ અને બીજો ‘વિશ્વાસ‘. એક ફુલના જીવનમાં સુંગધનું જેટલું મહત્વ છે એટલું બલ્કે એથીયે વધુ મનુષ્યના જીવનમાં ‘આત્મવિશ્વાસ’નું મહત્વ છે.

ઑક્સપર્ડ શહેરના એક સામાન્ય પરિવારમાં જન્મેલા બાળકની વાત યાદ આવે છે. આ બાળકનું જીવન આત્મવિશ્વાસથી હર્યુ-ભર્યુ અને સુંગધીદાર છે. જબરજસ્ત પ્રેરણાદાયી છે. વર્ષ ૧૯૪૨ના જાન્યુઆરી મહિનાનાં શરૂઆતના દિવસોની આ વાત છે. ફ્રેન્કનો પરિવાર શિક્ષિત પરંતુ આર્થિક રીતે સામાન્ય. ફ્રેન્કનાં ખોરડે ફુલડા જેવા બાળકનું અવતરણ થયું. પૈસા કમાવવા- આર્થિક ઉપાર્જનના હેતુથી ફ્રેન્ક પરિવાર ઑક્સપર્ડ આવીને વસ્યું. આ સામાન્ય પરિવારનું બાળક ૧૧ વર્ષની ઉંમરે શાળાએ ગયું અને ત્યારબાદ ઉચ્ચ અભ્યાસ માટે યુનિવર્સિટી ઓફ ઑક્સપર્ડમાં પહોંચ્યું. આ બાળકનું શાળા જીવન તદ્દન સામાન્ય કક્ષાનું હતું. ભણવામાં એણે કાંઈ બહુ કાઢું કાઢ્યું ન હતું. એને પરંતુ એને ‘બોર્ડગેઈમ‘ અને ‘ગણિત‘ના વિષયમાં ભારે દિલચશ્પી હતી. ભણવામાં સામાન્ય એવા આ બાળકને શાળા જીવન દરમિયાન જ એના રસના વિષય ગણિતમાં આવતા ગાણિતિક સમીકરણોના પ્રશ્નો હલ કરવા માટે કેટલાક મિત્રોની મદદથી જુના ઈલેકટ્રોનિક ઉપકરણોની તડજોડ કરીને કમ્પ્યુટર બનાવી કાઢ્યું.

ઑક્સપોર્ડના એના ઉચ્ચ અભ્યાસનાં છેલ્લા વર્ષમાં આ બાળક શારીરિક અક્ષમતાઓનો શિકાર બન્યું. દાદરા ચડવામાં પણ એને તકલીફ પડતી - સખત હાંફ ચડતો. એની જીભ તોતડાવા માંડી. બોલવામાં પણ એને ભારે તકલીફ પડવા માંડી. આ યુવાનનાં ૨૧મા જન્મદિવસની ઉજવણી બાદ તરત જ ડોકટરોએ એમ્યોટ્રોપિક લેટરલ ક્લેરોસીસ(એએલએસ) નામની ગંભીર બીમારીનો એ શિકાર હોવાનું જણાવ્યું. આ એવી બિમારી છે, જેમાં માણસનાં શરીરનાં એક પછી એક બધા જ અંગો કામ કરતા બંધ થઈ જાય છે, અને અંતમાં માણસનું મૃત્યુ થાય છે. એ સમયે, આ યુવાનને તમામ ડોકટરોએ તપાસીને જણાવ્યું કે, તેની જીંદગી વધુમાં વધુ બે વર્ષ છે.

ત્યાર પછી બે-ચાર મહિનામાં તો આ યુવાનની હાલત ખરાબ થતી ગઈ. એ વધુને વધુ અશક્ત બનતો ગયો. હવે તો એ ઘોડીના સહારા વગર ચાલી પણ નહોતો શકતો. થોડા દિવસોમાં તો એના શરીરનાં તમામ અંગોએ સાથ આપવાનું છોડી દીધું. એના શરીરનાં તમામ અંગો કામ કરતા બંધ થઈ ગયા. આ યુવાન એક જીવતી લાશ જેવો બની ગયો.

પણ આ યુવાને એની શારીરિક અક્ષમતાઓ અને વિકલાંગતાને પોતાના ઉપર હાવી થવા ન દીધી. એણે એના સંશોધન કાર્યને અને એની સામાન્ય જીંદગીને અટકવા ન દીધી. જ્યારે આસપાસના સૌ કોઈએ આ યુવાન માટે આશા છોડી દીધી ત્યારે આ યુવાન એના અતુટ આત્મવિશ્વાસ સાથે ઈતિહાસ



સર્જવાની દિશામાં મક્કમતાપૂર્વક આગળ વધતો હતો.

એ કહેતો કે, “ મારી બિમારી વિશે ખબર પડી એ પહેલા જીવનથી એ ઉબાઈ ગયો હતો. એવું લાગતું હતું કે, હું જીવનમાં કશુ જ કરી નહી શકું. ” જ્યારે એને લાગ્યું કે, એ પીએચડીનો અભ્યાસ પણ પૂર્ણ કરી શકશે નહી, ત્યારે એણે સમગ્ર શક્તિ સંશોધનની દિશામાં ડબલ જોરથી લગાવી દીધી. વ્હીલચેરમાં બેઠાં-બેઠાં અને કોમ્પ્યુટર દ્વારા વાતચીત કરતાં-કરતાં એના સંશોધનોએ દુનિયાને નવી ખગોળીય દ્રષ્ટિ આપી. આ યુવાન બીજો કોઈ નહી પણ આ સદીનો વિશ્વનો મહાન વૈજ્ઞાનિક સ્ટિફન વિલિયમ હૉકિંગ. ૨૧ વર્ષની ભર યુવાનીમાં જે યુવાનને તબીબોએ કહી દીધું હોય કે, ‘ભાઈ, તું હવે વધુમાં વધુ બે વર્ષનો જ મહેમાન છે’ એ જ યુવાન આત્મવિશ્વાસપૂર્વક બીજા ૫૫ વર્ષ કાઢીને ૭૫ વર્ષની વયે ‘નોટઆઉટ’ બેટીંગ કરતા કરતા વિશ્વ સમસ્તને બ્રહ્માંડનાં અગાધ રહસ્યો સુલજાવી આપે છે. ‘વ્હીલચેર’ પર બેઠા બેઠા




કોમ્પ્યુટરની મદદથી હૉકિંગ આખી દુનિયાને તેમના અદભૂત સંશોધનોનો લાભ આપી માનવ જાતને વધુ વિકાસની દિશામાં પ્રેરિત કરી રહ્યા છે.

સ્ટિફને માનવજાતને જાણે કે નવો રાહ બતાવતા એક સરસ વાત કરી હતી કે, “હું શારિરીક રીતે અશકત હોવાથી બીલકુલ હાલીચાલી શકતો નથી, બોલી પણ શકતો નથી - કોમ્પ્યુટરથી જ વાત કરી શકુ છુ. શારિરિક અક્ષમતાઓથી ચોક્કસ બંધાયેલો - જકડાયેલો છું. પણ મારા દિમાગ અને મનથી હું આઝાદ છું. મારો આત્મવિશ્વાસ કોઈ - ક્યારેય ડગાવી શકે નહિ.” સ્ટિફનને, ‘હોકીંગ વિકિરણ’, ‘વિચિત્રતા પ્રમેય’, ‘અ બ્રીફ હિસ્ટ્રી ઓફ ટાઈમ’ જેવાં પ્રસિદ્ધ શોધ કાર્યોથી દુનિયા હંમેશા યાદ કરતી રહેશે.

શારીરિક અક્ષમતાઓને અતિક્રમીને આત્મવિશ્વાસ દ્વારા વિકાસનાં નવા સીમાડાઓ લાંઘી દુનિયાને નવી દિશા આપનાર સ્ટીફન વિલિયમ હોકિંગને ૧૯૭૮માં આલબર્ટ આઈનસ્ટાઈન, ૧૯૮૮માં વોલ્ફ પ્રાઈઝ, ૧૯૮૯માં પ્રિન્સ ઓફ હોસ્ટુરિયસ એવોર્ડ, ૧૯૧૨માં વિશિષ્ટ મુળભુત ભૌતિકી પુરસ્કાર જેવાં કેટલાય ગણમાન્ય સન્માનોથી નવાજવામાં આવ્યાં છે.

સૌથી અગત્યની વાત એ છે કે, આત્મવિશ્વાસ વધારવો કેવી રીતે? આત્મવિશ્વાસ વધે એ માટે ૭ પગલાઓનો સતત રિયાઝ જે માણસ કરતો રહે એ વ્યક્તિ જીવનમાં વિશ્વાસપૂર્વક વિકાસના ફળ મેળવી શકે.

પગલું—૧ : સૌથી પહેલાં લક્ષ્ય નક્કી કરી પોતાની જાત ઉપર વિશ્વાસ રાખીને નિષ્ઠાપૂર્વક નિર્ધારિત લક્ષ્ય પ્રાપ્ત કરવાની દિશામાં પ્રયાસ કરવાનો આરંભ કરવો જોઈએ.

પગલું—૨ : અસફળતાઓથી ડરીને પાછા પડવાનું કે દુ:ખી થવાની મનોવૃતિ ન રાખવી જોઈએ. પોતાની જાતને પ્રેરિત કરી હંમેશા ખુશ રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. સિંહ જેવો સિંહ પણ ૧૦ પૈકી ૭ શિકારમાં સફળ થતો નથી.

પગલું — ૩ : મનમાં એ ગાંઠ વાળી દેવી જોઈએ કે જીવનમાં કશું જ અશક્ય નથી.

પગલું—૪ : હંમેશાં સકારાત્મક અને હકારાત્મક વિચારોથી મન ભરેલું રાખવું જોઈએ.

પગલું—૫ : અન્યને ઉપયોગી થવાય એવો સ્વભાવ અને “પાવર ઓફ પોઝિટીવિટી” અનુભવવાની આદત કેળવવી જોઈએ.

પગલું—૬ : આપણો રસ શેમાં છે એ સંશોધિત કરીને તે ક્ષેત્રમાં જ આગળ ધપવા માટે પ્રયાસ કરતા રહેવું જોઈએ.

પગલું—૭ : સાચા-સારા અને તમને સમજે એવા મિત્રો બનાવવા માટે હંમેશાં તત્પર રહેવું જોઈએ. ભૂતકાળ અને ભવિષ્ય છોડીને સદા વર્તમાનમાં જીવવું જોઈએ.

જન્મ અને મૃત્યુ વચ્ચેના સમયમાં આત્મવિશ્વાસ સાથે જીવનને ઉર્ધ્વગામી કેવી રીતે બનાવવુ એ નિશ્ચિતપણે આપણા પોતાના હાથમાં છે.

**ધબકાર**

ભગવાન પણ એવા વ્યક્તિની પડખે ઊભા રહેવાનું પસંદ કરે છે જે આત્મવિશ્વાસ દ્વારા સ્વયં પોતાનો માર્ગ કંડારવા માટે કટીબદ્ધ હોય છે.

## બીબીએના વિદ્યાર્થીઓની ઔદ્યોગિક મુલાકાત યોજાઈ



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરની બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનના વિદ્યાર્થીઓ અભ્યાસક્રમની સાથે સાથે પ્રાયોગિક તાલીમ મેળવવા માટે ડિગ્રી કોર્સના ત્રણ વર્ષના અભ્યાસક્રમ દરમ્યાન કુલ ૬ વખત વિવિધ નામાંકિત ઉદ્યોગગૃહની મુલાકાતે જાય છે. તેમજ ત્યાં ઉદ્યોગની સ્થાપનાથી લઈ તેને સ્પર્શતા તમામ મુદ્દાઓનું અવલોકન કરે છે. અને ભવિષ્યમાં જે તે વ્યવસાય સામે આવનાર પડકારો બાબતે અભ્યાસ કરે છે.

ચાલુ શૈક્ષણિક સંત્રમાં દ્વિતીય વર્ષના ૬૩ વિદ્યાર્થીઓ એલ્યુમીનીયમ વિન્ડો ફ્રેમ્સના ઉત્પાદન ક્ષેત્રે જાણીતી કંપની યોગીરાજ ઈન્ડસ્ટ્રી પ્રાઈવેટ લિમિટેડની મુલાકાતે ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે યોગીરાજ ઈન્ડસ્ટ્રી કંપનીનો ગુજરાત રાજ્યનો ઉત્પાદન પ્લાન્ટ લીંબડીયા ગામ, તાલુકા માણસા ખાતે આવેલ છે. આ પ્લાન્ટમાં ઉત્પાદન એકજ સ્થળે કરવામાં આવે છે. કંપનીના કર્મચારી જૈમીનભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ઉત્પાદન પ્રક્રિયા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ પ્લાન્ટની મુલાકાત કરાવી હતી. તેની સાથે સાથે વિદ્યાર્થીઓએ વિવિધ અધિકારીઓ સાથે પ્રશ્નોત્તરી કરી અને તેના સંતોષજનક જવાબ મેળવ્યા હતા તેમજ કંપનીના ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક, એડ્મિનિસ્ટ્રેશન, તેમજ માર્કેટીંગ વિષે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. વિઝિટના આયોજન માટે આપણી સંસ્થાના વિદ્યાર્થી પુનીતભાઈ તેમજ કંપનીના માલિક વિનોદભાઈ પટેલ તેમજ સતીશભાઈ દ્વારા વિદ્યાર્થીઓની મુલાકાત બાબતે ખુબ સુંદર સહકાર સાંપડ્યો હતો.

સમગ્ર વિઝિટનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ સમિતિના હેડ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. નિવેદિતા રાવલ, ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.